# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM PATIDAR SUMMIT GANDHINAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, "ધંધા અને રોજગાર માટે જેટલું આગળ વધી શકાય તેટલું આપણે વધવાની તૈયારી છે. ધંધા-રોજગાર માટે વીજળી અને પાણીની સૌથી વધુ જરૂરિયાત હોય છે. આ બંને માટે સરકાર સંપૂર્ણ રીતે તૈયાર છે." ગાંધીનગરમાં આજે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ 2025નો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, 156થી વધુ દેશની અર્થવ્યવસ્થામાં પાટીદારો યોગદાન આપી રહ્યા છે."

## (બાઈટઃ ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

આ સમિટમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ વર્ચ્યૂઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# AHMEDABAD EMPLOYMENT FAIR

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી રોજગાર કચેરી ખાતે આવતીકાલે 200થી વધુ જગ્યા માટે રોજગાર મેળો યોજાશે, જેમાં ધોરણ-8થી 10 અને 12 પાસ, આઈટીઆઈ, સ્નાતક, ઈજનેરી જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. સેલ્સ એક્ઝિક્યુટિવ, ટેલિકોલર, બેક ઓફિસર સહિતના હોદ્દા પર ભરતી કરવા આ મેળામાં 5થી વધુ કંપની ભાગ લેશે. પાત્રતા ધરાવતા ઉમેદવારોને રોજગાર કચેરી, અસારવા બહુમાળી ભવન ખાતે ઉપસ્થિત રહેવા સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# MAHA KUMBH SPECIAL TRAIN

ઉત્તરપ્રદેશનાં પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં જતા પ્રવાસીઓ અને ભક્તોનાં ધસારાને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગ સાબરમતી-લખનઉ અને ભાવનગરથી લખનઉ વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે. આ ટ્રેન આવતીકાલે સાબરમતીથી રાત્રે 10 વાગીને 55 મિનિટે ઉપડશે.

અન્ય ટ્રેન ભાવનગરથી 11 જાન્યુઆરીએ રાત્રે 9 વાગીને 45 મિનિટે ઉપડશે.

દરમિયાન, ઉત્તર ભારતમાં હાલ ભારે ધુમ્મસની સ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદની ત્રણ સાપ્તાહિક ટ્રેનના ફેરા રદ કર્યા છે. અમદાવાદ-દરભંગા-અમદાવાદ ટ્રેન, ગાંધીધામ-ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક ટ્રેન આવતીકાલથી 24 ફેબ્રુઆરી સુધી રદ રહેશે, જ્યારે અમદાવાદ-પટણા-અમદાવાદ સાપ્તાહિક ટ્રેન 15 જાન્યુઆરીથી 28 ફેબ્રુઆરી સુધી રદ રહેશે.

. . . . . . . . . . . . .

# DADRA NAGAR HAVELI GRAMSABHA

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીની દપાડા પંચાયતમાં GPDP એટલે કે, ગ્રામ પંચાયત વિકાસ યોજનાની મંજૂરી માટે ગ્રામસભા યોજાઈ ગઈ. સરપંચ નીતા તુમડાની અધ્યક્ષતામાં યોજાયેલી આ સભામાં ડામર, સીસી રોડ, સ્ટ્રિટ લાઈટ, પાઈપલાઈન, સ્મશાન, બ્રિજ, શાળા, આંગણવાડી, સામાજિક કાર્યો, મનરેગા સહિત GPDPના વિવિધ કામની કાર્યયોજનાને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# GUJARAT YOGA COMPETITION

ગુજરાત યોગ બૉર્ડ દ્વારા આગામી સમયમાં યોગાસન સ્પર્ધા 2025નું આયોજન કરાયું છે. સ્પર્ધા માટે ઉમેદવારો 15 જાન્યુઆરી સુધી WWW.GSYB.IN વેબસાઈટ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. જિલ્લા, ઝોન અને રાજ્યકક્ષાએ યોજાનારી આ સ્પર્ધા માટે 20થી 25 જાન્યુઆરી દરમિયાન ઑડિશન લેવાશે. સ્પર્ધામાં જીતનારા ખેલાડીને ઈનામો સાથે ડિજિટલ પ્રમાણપત્ર એનાયત કરાશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# SABARKANTHA AROHAN SPARDHA

સાબરકાંઠા જિલ્લાના ઈડરિયા ગઢ ખાતે આવતીકાલે પાંચમી ઐતિહાસિક આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં રાજ્યભરના જૂનિયર સાહસવીર ખેલાડીઓ ભાગ લેશે. આ સ્પર્ધા ઈડરિયો ગઢ તળેટી પાસે આવતીકાલે સવારે સાત વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................